# ઈસરોના પૂર્વ વડા કે કસ્તુરીરંગનનું 84ની વયે નિધન



**તેમણે** નવ વર્ષ સુધી ઈસરોના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી

વડા પ્રધાન અને રાષ્ટ્રપતિએ શોક વ્યક્ત કર્યો

### કસ્તુરીરંગનની ખાસ સિદ્ધીઓ

- કસ્તુરીરંગન ભારતના પ્રથમ બે પ્રાયોગિક પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો - ભાસ્કરા-1 અને 2ના પ્રોજેક્ટ ડિરેક્ટર હતા અને ત્યારબાદ ભારતનું પ્રથમ કાર્યરત રિમોટ-સેન્સિંગ ઉપગ્રહ, આઈએરએસ-1એનું નિર્દેશન પણ કર્યું હતું.
- અવકાશ વિજ્ઞાનીએ નવ વર્ષ સુધી ઈસરોના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી, તેઓ ઓગસ્ટ 2003માં નિવૃત્ત થયા હતા.
- કસ્તુરીરંગને રાજ્યસભાના સભ્ય (2003-09) અને ભારતના તે સમયના પ્લાનિંગ કમિશનના સભ્ય તરીકે પણ સેવા આપી હતી.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ડ્રાફ્ટિંગ સમિતિના અધ્યક્ષ, કસ્તુરીરંગન જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ચાન્સલર અને કર્ણાટક જ્ઞાન આયોગના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.
- તેમને ત્રણ મુખ્ય નાગરિક પુરસ્કારો પદ્મશ્રી (1982), પદ્મ ભૂષણ (1992) અને પદ્મ વિભૂષણ (2000) પણ મળ્યા હતા.
- કસ્તુરીરંગન એપ્રિલ 2004થી 2009 સુધી બેંગલુરુમાં નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝના ડિરેક્ટર પણ રહ્યા હતા.

નવી દિલ્હી-બેંગ્લુરુ, તા. 25 (પીટીઆઈ): ઈસરોના ભૂતપૂર્વ વડા કે. કસ્તુરીરંગનનું શુક્રવારે બેંગલુરુમાં અવસાન થયું હતું. તેઓ 84 વર્ષના હતા અને તેમના પરિવારમાં બે પુત્રો છે. તેઓ છેલ્લા કેટલાક મહિનાઓથી વૃદ્ધાવસ્થા સંબંધિત બીમારીઓથી પીડાઈ રહ્યા હતા, એમ કૌટુંબિક સૂત્રોએ જણાવ્યું હતું. તેઓ લગભગ એક દાયકા સુધી ઈસરોના વડા રહ્યાં હતાં. 'આજે સવારે બેંગલુરુ સ્થિત તેમના નિવાસસ્થાને તેમનું નિધન થયું હતું. તેમના પાર્થિવ શરીરને 27 એપ્રિલે અંતિમ શ્રદ્ધાંજલિ માટે રમન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ખાતે રાખવામાં આવશે', એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ તેમનાં મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું 'ઈસરોના વડા તરીકે, તેમણે ભારતના અવકાશ કાર્યક્રમના ઉત્ક્રાંતિમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના શોક સંદેશમાં તેમને ભારતની વિજ્ઞાન અને શિક્ષણની યાત્રામાં ટોચની હસ્તી ગણાવી હતી અને કહ્યું હતું, 'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ડ્રાફ્ટિંગ દરમિયાન અને ભારતમાં શિક્ષણ વધુ સર્વાંગી અને ભવિષ્યલક્ષી બને તે સુનિશ્ચિત કરવા માટે ડો. કસ્તુરીરંગનના પ્રયાસો બદલ ભારત હંમેશા તેમનો આભારી રહેશે.'

ભૂતપૂર્વ ઈસરોના વડાનો જન્મ 24 ઓક્ટોબર, 1940ના રોજ કેરળના એર્નાકુલમમાં સી.એમ. કૃષ્ણસ્વામી અય્યર અને વિશલાક્ષીને ત્યાં થયો હતો. તમિલનાડુના વતની, તેમનો પરિવાર ત્રિશૂર જિલ્લાના ચલાકુડીમાં સ્થાયી થયો હતો. તેમનાં માતા પલક્કડ અય્યર પરિવારમાંથી હતાં.




# થાઈલેન્ડમાં એક પોલીસ વિમાન દરિયામાં તૂટી પડ્યું, છનાં મોત

બેંગકોક, તા. 25 (એપી): થાઈલેન્ડના એક લોકપ્રિય બીચ ટાઉન નજીક એક નાનું પોલીસ વિમાન દરિયામાં તૂટી પડ્યું હતું, જેમાં સવાર તમામ છ લોકોનાં મોત થયાં હતાં.

સવારે 8 વાગ્યાની આસપાસ ક્રેશ થતાં પહેલાં વિમાન હુઆ હિન જિલ્લામાં પેરાશૂટ ટ્રેનિંગ માટે પરીક્ષણ ઉડાન ભરી રહ્યું હતું, એમ રોયલ થાઈ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું.

પ્રચુઆબ કિરી ખાન પ્રાંતના જનસંપર્ક વિભાગે જણાવ્યું હતું કે, વિમાન હુઆ હિન એરપોર્ટ નજીક ક્રેશ થયું હતું.

ફોટામાં વિમાન દરિયામાં કિનારાથી લગભગ 100 મીટર દૂર દેખાય છે. વિમાન બે ભાગમાં તૂટી ગયું હોય તેવું લાગે છે.

વિમાનમાં સવાર તમામ 6 લોકો પોલીસ અધિકારીઓ હતા. તેમણે જણાવ્યું હતું કે, તેમાંથી પાંચનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું અને એક પાઈલટનું બાદમાં હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

અકસ્માતનું કારણ જાણી શકાયું ન હતું. અધિકારીઓ પુરાવાઓ ભેગા કરી રહ્યા છે જેમાં વિમાનના બ્લેક બોક્સમાંથી આંકડા પણ સામેલ છે.

# ધર્મ પૂછ્યા બાદ લોકોની હત્યા કરાઈ, હિંદુ આવું ક્યારેય કરે નહીં: ભાગવત

**અમને** મજબૂત વળતા જવાબની આશા

**આવા** દુઃખદ બનાવોને અટકાવવા સમાજમાં એકતા જરૂરી

મુંબઈ, તા. 25 (પીટીઆઈ): આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું છે કે ત્રાસવાદીઓએ પહલગામમાં લોકોને તેમનો ધર્મ પૂછ્યા બાદ મારી નાખ્યા હતા, અને હિન્દુઓ ક્યારેય આવું કામ નહીં કરે.

'અમે મજબૂત વળતા જવાબની આશા રાખીએ છીએ', એમ તેમણે જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદી હુમલામાં 26 લોકોનાં મૃત્યુ થયાં હતાં તેના 3 દિવસ બાદ ગુરુવારે અહીં એક જાહેર કાર્યક્રમમાં કહ્યું.

'લોકોને તેમનો ધર્મ પૂછ્યા પછી મારવામાં આવ્યા. હિન્દુઓ ક્યારેય આવું કામ નહીં કરે', એમ આરએસએસના વડાએ કહ્યું, અને ઉમેર્યું કે 'યુદ્ધ ધર્મ અને અધર્મ વચ્ચે છે. આપણા હૃદયમાં પીડા છે. આપણે ગુસ્સે છીએ. પણ દુષ્ટનો નાશ કરવા માટે શક્તિ બતાવવી જ જોઈએ. રાવણે પોતાનો વિચાર બદલવાનો ઈનકાર કર્યો હતો, અને બીજો કોઈ વિકલ્પ ન હતો. રામે તેને સુધરવાની તક આપ્યા પછી જ તેનું વધ કર્યું હતું.'

આરએસએસના વડાએ કહ્યું કે આવા દુઃખદ બનાવોને અટકાવવા અને દુષ્ટ ઈરાદાને રોકવા માટે સમાજમાં એકતા જરૂરી છે.

'જો આપણે એક થઈશું, તો કોઈ આપણી તરફ ખરાબ ઈરાદાથી જોવાની હિંમત કરશે નહીં. અને જો કોઈ એવું કરશે, તો તેની આંખ ફોડી નાંખવામાં આવશે. અમને મજબૂત વળતા જવાબની આશા છે', એમ તેમણે કહ્યું.

'દ્વેષ અને દુશ્મનાવટ આપણા સ્વભાવમાં નથી. પણ આઘાતને ચુપચાપ સહન પણ કરવાનો નથી. અહિંસક વ્યક્તિએ પણ મજબૂત હોવું જોઈએ. જો કોઈ શક્તિ ન હોય, તો કોઈ વિકલ્પ નથી. પણ જ્યારે શક્તિ હોય, ત્યારે જરૂર પડે ત્યારે તે દેખાવી જોઈએ', એમ તેમણે કહ્યું.

# ટ્રમ્પ કહે છે: ક્રિમિયા રશિયાની સાથે જ રહેશે

**યુદ્ધનો** અંત લાવવા બાંધછોડ કરવા યુક્રેન પર અમેરિકી પ્રમુખના દબાણનું નવું ઉદાહરણ

**ક્રિમિયા** લાંબા સમયથી રશિયા પાસે છે અને ત્યાં રશિયન ભાષા બોલતા લોકો બહુમતિમાં છે

કિવ, તા. ૨૫(એપી): શુક્રવારે પ્રકાશિત થયેલા એક ઇન્ટરવ્યુમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ક્રિમીઆ રશિયાની સાથે રહેશે. આ યુક્રેન પર યુદ્ધનો અંત લાવવા માટે બાંધછોડ કરવા માટે અમેરિકી નેતા દ્વારા દબાણનું તાજેતરનું નવું ઉદાહરણ છે.

યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકીનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે કહ્યું કે ઝેલેન્સકી આ સમજે છે, અને દરેક વ્યક્તિ સમજે છે કે તે(ક્રિમિયા) લાંબા સમયથી તેમની(રશિયાની) સાથે છે. મંગળવારે યોજાયેલા ટાઇમ મેગેઝિનના ઇન્ટરવ્યુમાં અમેરિકી પ્રમુખે આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પ ઝેલેન્સકી પર યુદ્ધ લંબાવવાનો આરોપ લગાવી રહ્યા છે. રશિયન પ્રવ્લાદિમીર પુતિન સાથે વાટાઘાટોનો પ્રતિકાર કરીને ઝેલેન્સ્કી પર આ યુદ્ધ લંબાવી રહ્યા હોવાનો આક્ષેપ ટ્રમ્પે કર્યો છે. ક્રિમીઆ દક્ષિણ યુક્રેનમાં કાળા સમુદ્રના કિનારે એક વ્યૂહાત્મક દ્વીપકલ્પ છે. 2022 માં શરૂ થયેલા સંપૂર્ણ પાયે આક્રમણના વર્ષો પહેલા, 2014 માં રશિયા દ્વારા તેનો કબજો લેવામાં આવ્યો હતો, જ્યારે અમેરિકી પ્રમુખપદે બરાક ઓબામા હતા. આપણે જે સમયગાળા વિશે વાત કરી રહ્યા છીએ તેના ઘણા વર્ષો પહેલા, તેમની સબમરીન ત્યાં હતી. ક્રિમીઆમાં લોકો મોટાભાગે રશિયન બોલે છે એમ ટ્રમ્પે કહ્યું. પરંતુ આ ઓબામા દ્વારા આપવામાં આવ્યું હતું. આ ટ્રમ્પ દ્વારા આપવામાં આવ્યું ન હતું એમ પણ ટ્રમ્પે કહ્યું હતું. દરમિયાન, રશિયાએ પોતાનો બોમ્બમારો ચાલુ રાખ્યો છે. દક્ષિણપૂર્વીય યુક્રેનના એક શહેરમાં દ્વારા એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ પર એક ડ્રોન ત્રાટક્યું હતું, જેમાં ત્રણ લોકો માર્યા ગયા અને 10 અન્ય ઘાયલ થયા હતા એમ અધિકારીઓએ આજે જણાવ્યું હતું.

# મેધા પાટકરની ધરપકડ, 7 કલાક બાદ પોલીસે તેમને મુક્ત કર્યા

**24** વર્ષ જૂના માનહાનિ કેસમાં પ્રોબેશન બોન્ડ ન ભરવા બદલ તેમની ધરપકડ કરાઈ હતી

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): 24 વર્ષ જૂના માનહાનિના કેસમાં પ્રોબેશન બોન્ડ ન ભરવા બદલ અદાલતે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યાના બે દિવસ પછી, શુક્રવારે સામાજિક કાર્યકર્તા મેધા પાટકરની ધરપકડ કરવામાં આવી હતી અને તેના સાત કલાક બાદ દિલ્હી પોલીસે તેમને છોડી દીધાં હતાં, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસની એક ટીમ સવારે દક્ષિણપૂર્વી દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલા પાટકરના નિવાસસ્થાને પહોંચી અને તેમને કસ્ટડીમાં લીધા હતા, એમ તેમણે જણાવ્યું હતું. અમે બિનજામીનપત્રનો અમલ કર્યો છે અને મેધા પાટકરની ધરપકડ કરવામાં આવી છે, એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ રવિ કુમાર સિંહે જણાવ્યું હતું.

પાટકરે રૂ. 1 લાખનો બેલ બોન્ડ ભર્યા બાદ આશરે બપોરે 4.30 વાગ્યે મુક્ત કરવામાં આવ્યાં હતાં. તેમના પર હવે અદાલત એક વર્ષ સુધી નજર રાખશે. અડિશનલ સેશન્સ જજ (એએસજે) અમિતાભ રાવતે 8 એપ્રિલે પાટકરને એક વર્ષની પ્રોબેશન મંજૂર કર્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી, જજે ચુકાદો આપતા કહ્યું હતું કે આ ગુનો કેદને પાત્ર નથી અને નર્મદા બચાઓ આંદોલનનાં (એનબીએ) નેતા અને અનેક પુરસ્કારો મેળવનાર તરીકે તેમના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો.

આદેશ મુજબ, પાટકરને 23 એપ્રિલ સુધીમાં પ્રોબેશન બોન્ડ ભરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. જો કે તે આદેશનું પાલન ન થતાં અદાલતે તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું.

## પેજ 3

### જસ્ટિન બીબર ફરીથી પાપારાઝી પર ગુસ્સે થયો, નવો વીડિયો પોસ્ટ કર્યો




નવી દિલ્હી, તા. 25: થોડા દિવસો પહેલા, કેનેડિયન ગાયક જસ્ટિન બીબરનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તે પાપારાઝી પર ગુસ્સે થતો જોવા મળ્યો હતો. તેણે કહ્યું કે આ લોકોને ફક્ત પૈસા કમાવામાં રસ છે, તેમને માનવતા સાથે કોઈ લેવાદેવા નથી. હવે, તેણે બીજો એક વીડિયો શેર કર્યો છે જેમાં તેની મંજૂરી વિના તેના ફોટા લેવામાં આવી રહ્યા છે અને તેની આંખોમાં ફ્લેશ મારવામાં આવી રહી હતી. વીડિયોમાં દેખાય છે કે જસ્ટિન બિલ્ડિંગમાંથી બહાર નીકળ્યો કે તરત જ પાપારાઝીઓએ તેને ઘેરી લીધો. તેના સુરક્ષા ગાર્ડ્સે લોકોને પાછળ હટવાનું કહે છે, પરંતુ કોઈ તેમનું સાંભળતું નથી. કોઈ તેની આંખો પર ફ્લેશ મારે છે, તો કોઈ ઝૂમ કરીને ફોટા પાડે છે. આ વીડિયો સાથે જસ્ટિને લખ્યું, '"આ બધું હવે બંધ થવું જોઈએ.' આ વીડિયો પછી, ઘણા ફેન્સે સોશિયલ મીડિયા પર જસ્ટિનને ટેકો આપ્યો. કોઈએ લખ્યું, 'જો કોઈ સેલિબ્રિટી છે, તો શું તે માણસ નથી?'

### ફવાદની અબીર ગુલાલના બે ગીતો યુટ્યુબ પરથી હટાવાયા



નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ)): પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન અભિનીત હિન્દી ફિલ્મ 'અબીર ગુલાલ'ના બે ગીતો યુટ્યુબ પરથી હટાવી દેવાયા છે. ફવાદની કમબેક ફિલ્મ, જેમાં વાણી કપૂર પણ છે તે પહલગામ ત્રાસવાદી હુમલા પછી વિવાદમાં આવી છે. ફિલ્મનું પહેલું ગીત 'ખુદાયા ઇશ્ક' (અરિજિત સિંહ અને શિલ્પા રાવ) અને બીજું ગીત 'અંગ્રેજી રંગરસિયા' (ગાયક-સંગીતકાર અમિત ત્રિવેદી) આ મહિને રજૂ થયાં હતાં. હવે આ બંને ગીત યુટ્યુબ પર ઉપલબ્ધ નથી, જો કે અન્ય યુઝર્સ દ્વારા શેર કરાયેલી ગીતની ટૂંકી ક્લિપ્સ હજુ પણ પ્લેટફોર્મ પર છે. ગુરુવારે સરકારી સૂત્રોએ કહ્યું હતું કે આ ફિલ્મને થિએટરમાં રજૂ કરવાની મંજૂરી અપાશે નહીં. આ ફિલ્મ 9 મેના રોજ રજૂ થવાની હતી. બુધવારે ફિલ્મ કલાકારોના એસોસિએશને પણ તેના નિર્દેશનો પુનરોચ્ચાર કર્યો હતો જે પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ લગાવે છે.

### તપાસ ચાલુ રાખી શકાય કામરાની ધરપકડ કરવાની જરૂર નથી: મુંબઈ હાઈકોર્ટ



મુંબઈ, તા. 25 (પીટીઆઈ): શુક્રવારે બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વિરુદ્ધ કથિત ટિપ્પણી બદલ કુણાલ કામરા સામે પોલીસ તપાસ ચાલુ રાખી શકાય છે પણ હાસ્ય કલાકારની ધરપકડ કરવામાં ન આવે. જસ્ટિસ સારંગ કોટવાલ અને એસ.એમ. મોડકની બેન્ચે કામરાની અરજી સ્વીકારતા કહ્યું કે વાણીની સ્વતંત્રતા પરના પ્રતિબંધોથી સંબંધિત મોટા અને ગંભીર મુદ્દાઓ પર વિચાર કરવાની જરૂર છે. કોર્ટે કહ્યું કે તે હાસ્ય કલાકાર સામે નોંધાયેલા કેસની તપાસ પર સંપૂર્ણ સ્ટે આપવા માટે તૈયાર નથી. 'તપાસ ચાલુ રાખી શકાય છે, જો કે, અરજદારની ધરપકડ કરવી જરૂરી નથી', એમ અદાલતે કહ્યું. અદાલતે કહ્યું કે કામરાનું નિવેદન ચેન્નાઈમાં નોંધી શકાય છે કારણ કે મુંબઈમાં યોજાયેલા શો બાદ તેને જાનથી મારવાની ધમકી અપાઈ છે.



# મોસ્કો નજીક કાર બોમ્બિંગમાં રશિયાના ટોચના જનરલનું મોત

**ઘણી** મંત્રણાઓમાં રશિયાના પ્રતિનિધિ તરીકે જનરય યારોસ્લાવ મોસ્કાલિકની યુક્રેન દ્વારા હત્યા કરાઇ હોવાની શંકા

મોસ્કો, તા. ૨૫(પીટીઆઇ): શુક્રવારે મોસ્કો નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં એક ટોચના રશિયન જનરલનું મોત થયું હતું, એક મીડિયા રિપોર્ટ અનુસાર, વિદેશ મંત્રાલયે તેને આતંકવાદી કૃત્ય ગણાવ્યું છે.

સંરક્ષણ મંત્રાલયના જનરલ સ્ટાફના મુખ્ય કામગીરી નિર્દેશાલયના ડેપ્યુટી ડિરેક્ટર, લેફ્ટનન્ટ જનરલ યારોસ્લાવ મોસ્કાલિકનું મૃત્યુ એક ઇમ્પ્રુવાઇઝડ વિસ્ફોટક ઉપકરણ ફાટવાથી થયું હતું, વેસ્ટિ એફએમ રેડિયોએ તપાસ સમિતિને ટાંકીને જણાવ્યું હતું. તપાસ સમિતિના પ્રવક્તા સ્વેત્લાના પીટરન્કોએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળ પર ઉપકરણના ટુકડા મળી આવ્યા હતા અને તેને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. 59 વર્ષીય મોસ્કાલિકે વિવિધ વાટાઘાટોમાં સંરક્ષણ મંત્રાલયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની હત્યા શુક્રવારે યુક્રેન વાટાઘાટો પર ક્રેમલિન સાથે અમેરિકી રાજદૂત સ્ટીવ વ્હિટકોફની વાટાઘાટો સાથે જોડાયેલી હતી કે કેમ તેની તાત્કાલિક પુષ્ટિ થઈ નથી. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ જનરલની હત્યાને આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું. મુખ્ય પ્રશ્ન એ છે કે યુરોપના મધ્યમાં ચાલતું આ યુદ્ધ કેવી રીતે બંધ કરવું. આપણે દરરોજ ઘણા પીડિતો જોઈએ છીએ. આજે પણ, મોસ્કોમાં આતંકવાદી હુમલામાં એક રશિયન સૈનિકનું મોત થયું છે એમ ઝાખારોવાને કહેતા TASS દ્વારા ટાંકવામાં આવ્યા હતા. યુક્રેન અભિયાનમાં સામેલ ઘણા રશિયન લશ્કરી અધિકારીઓને યુક્રેનિયન ગુપ્તચર સંસ્થા SBUના કથિત એજન્ટો દ્વારા યુદ્ધભૂમિથી સેંકડો કિલોમીટર દૂર તેમના ઘરો નજીક મારી નાખવામાં આવ્યા છે.




# જ્યાં સિમલા કરાર થયો હતો તે હિમાચલ પ્રદેશના રાજભવનના ઐતિહાસિક ટેબલ પરથી પાકિસ્તાની ધ્વજ ગાયબ

**પાકિસ્તાનનો** ધ્વજ ક્યારે ખસેડાયો તેની કોઇ સ્પષ્ટતા નહીં, રાજભવનના સૂત્રોએ આ ધ્વજ હવે અહીં નહીં હોવાનું સમર્થન કર્યું

શિમલા, તા. ૨૫(પીટીઆઇ): સિમલા કરાર પાકિસ્તાને સસ્પેન્ડ કર્યાના એક દિવસ પછી, શુક્રવારે સવારે રાજભવનના તે ઐતિહાસિક ટેબલ પર પાકિસ્તાની ધ્વજની ગેરહાજરી ધ્યાન ખેંચનારી બની રહી હતી જે ટેબલ પર ૧૯૭૨માં આ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલામાં ૨૬ પર્યટકોના હત્યાકાંડ બાદ ભારત દ્વારા કરવામાં આવેલી વળતી કાર્યવાહીના જવાબમાં પાકિસ્તાન દ્વારા સિમલા કરારને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ કરાર પર તે સમયના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને પાકિસ્તાનના પ્રમુખ ઝુલ્ફિકાર ભુટ્ટો દ્વારા ૨ અને ૩ જુલાઈ વચ્ચેની રાત્રિએ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે ચળકતા લાકડાના ટેબલ પર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તે ટેબલ હિમાચલ પ્રદેશ રાજભવનના કીર્તિ હોલમાં લાલ રંગના ઊંચા પ્લેટફોર્મ પર રાખવામાં આવ્યું છે, જેને પિત્તળની રેલિંગથી ઘેરી લેવામાં આવ્યું છે અને એક પ્લેટ પર લખેલું છે - અહીં સિમલા કરાર પર 3-7-1972 ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ભુટ્ટો કરાર પર હસ્તાક્ષર કરી રહ્યા હોય અને તેમની બાજુમાં ઈન્દિરા ગાંધી બેઠા હોય તેવો એક ફોટોગ્રાફ ટેબલ પર રાખવામાં આવ્યો છે, જ્યારે 1972 ના ભારત-પાકિસ્તાન શિખર સંમેલનના અન્ય ઘણા ફોટોગ્રાફ્સ પૃષ્ઠભૂમિમાં દિવાલ પર લટકાવવામાં આવ્યા છે. પાકિસ્તાનનો ધ્વજ ક્યારે હટાવવામાં આવ્યો તે સ્પષ્ટ નથી, રાજભવનના અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે પડોશી દેશનો ધ્વજ ટેબલ પર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે દ્વિપક્ષી વિવાદો બંને દેશો જ મંત્રણા દ્વારા ઉકેલે અને કોઇ ત્રીજા પક્ષ પાસે હસ્તક્ષેપ નહીં કરાવે તેવી આ કરારમાં જોગવાઈ છે.